**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૪ ટકા

# ગાંધીનગર ખાતે 'રન ફોર ગુજરાત'ની દોડ યોજાઈ





ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજયના ૫૭મા સ્થાપના દિનની ઉજવણી ગાંધીનગર જિલ્લામાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. ગાંધીનગર શહેરમાં આજરોજ સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે 'રન ફોર ગુજરાત' ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૦ થી વધુ નગરજનોએ આ રન ફોર ગુજરાતની દોડમાં ભાગ લીધો હતો. આ દોડને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર અને અન્ય મહાનુભાવોએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી.

આજે સવારના રન ફોર ગુજરાતની દોડનું રજિસ્ટ્રેશન સવારના ૬.૦૦ કલાકથી કરવાનો આરંભ કરવામાં આવ્યો હતો. સવારના ૭.૦૦ કલાક સુધીમાં તો નગરજનો મોટી સંખ્યામાં આ દોડમાં ભાગ લેવા માટે ટાઉનહોલ, સેકટર-૧૭ નજીક ભેગા થઈ ગયા હતા. બરાબર ૭.૧૫ કલાકે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, ગાંધીનગર કલેકટર શ્રી સતીશ પટેલ અને મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડી.એન.મોદીએ લીલીઝંડી આપીને રન ફોર ગુજરાતની દોડને પ્રસ્થાન કરાવી હતી.

આ દોડમાં મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, મહાનગરપાલિકાના મેયર શ્રી ડી.જી. મોદી સહિત જિલ્લાના અધિકારીઓ પણ જોડાયા હતા. દોડમાં એક થી દશ ક્રમમાં આવનાર નગરજનોનું મહાનુભાવોના હસતે પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ દોડમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## રાજયના સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ બી.એસ.એફ જૈઝ બેન્ડે દેશભક્તિ અને જુના ફિલ્મી ગીતોની રમઝટ જમાવી





ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજયના ૫૭મા સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર જિલ્લા પ્રશાસન દ્વારા નગરજનો માટે સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના હાર્દસમા ઘ-૪ સર્કલ નજીક આવેલા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનના કુદરતી સૌંદર્ય વચ્ચે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખુલ્લી લોનમાં બેસીને નગરજનોએ બી.એસ.એફના જવાનો દ્વારા રજૂ કરવામાં આવેલા દેશભક્તિ, જુના ફિલ્મી ગીતોની રમઝટ માણી હતી. દેશની રક્ષા માટે બલિદાન આપતા બી.એસ.એફ. જવાનોના જૈઝ બેન્ડ દ્વારા રજૂ કરતા ગીતો અને સંગીતથી નગરજનો આનંદિત થઈ ગયા હતા. એક એક ગીતે જવાનોનો ઉત્સાહ વધારવા નગરજનો તાલી પાડી તેમનું સન્માન કરતાં હતા.

આ સમગ્ર કાર્યક્રમને નગરજનોએ કુદરતી સૌંદર્યના ખોળામાં બેસીને સારી રીતે માંડી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના કર્મયોગીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમને નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, ગાંધીનગર મામલતદાર શ્રી એ.જે.જોષી સહિત અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નગરજનોએ પરિવાર સાથે માણ્યો હતો.

## ગુજરાત સ્થાપના દિન નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૧૫માં ફતેપુરા સરકારી પ્રાથમિક શાળા ખાતે હેપ્પી યુથ કલબ દ્વારા આજે ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધામાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ 'સ્વચ્છતાનું જીવનમાં મહત્વ' વિષયે નિબંધ લખ્યા હતા.



હેપ્પી યુથ કલબ આયોજિત નિબંધ સ્પર્ધામાં જાણીતા કોલમિસ્ટ લેખક સંજય થોરાત, સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, નિવૃત્ત શિક્ષક નટુભાઈ પટેલ, યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા, લીબોદરા હાઈસ્કૂલના સ્પોર્ટસ શિક્ષક વિશાલ થોરાત સહિત સંસ્થાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં વિજેતા પ્રથમ બે સ્પર્ધકોને હેપ્પી યુથ કલબ દ્વારા ટ્રોફી આપી નવાજવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે આશુતોષ અશોકભાઈ શ્રીમાળી અને દ્વિતિય ક્રમે આર્યન રણજીતસિંહ ઠાકોર વિજેતા બન્યા હતા. આ પ્રસંગે તમામ બાળકોને ચોકટેલસ ખવડાવી મ્હોં મીઠું કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે હેપ્પી યુથ કલબના વિજયસિંહ માજીરાણા તથા વિશાલ થોરાતે જહેમત ઉઠાવી હતી.

## રૂપાલની પલ્લીમાંથી મોબાઈલ ચોરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસ.ઓ.જી પોલીસ પેથાપુર પાસે પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન ત્યાંથી પસાર થતા એક શકમંદ વ્યકિતની પુછપરછ કરતા તેની પાસેથી વિવિધ કંપનીના ૫ મોબાઈલ ફોન મળી આવ્યા છે. રૂપાલની પલ્લીમાંથી ચોરાયેલ મોબાઈલ ફોનની ચોરીના ગુનાનો ભેદ પણ એસઓજી પોલીસે ઉકેલી દીધો છે. પોલીસે શકમંદ પાસે રહેલા બાઈકના દસ્તાવેજી પુરાવા માંગતા નહી હોવાનું જણાવતા ચોરી અથવા છળકપટથી બાઈક મેળવ્યું હોવાનું જણાતા પોલીસે તેની પાસેથી વિવિધ કંપનીના મોબાઈલ નંગ -૫ કુલ કિં. રૂ ૩૨,૦૦૦ તથા મોટર સાયકલ કિ. રૂ.૨૫૦૦૦ ગણીને કુલ ૫૭,૦૦૦નો મુદામાલ કબ્જે કરી એસઓજી પોલીસે આગળની કાર્યવાહી પેથાપુર પોલીસને સોંપી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં વધતી જતી ચોરીના બનાવો અટકાવવા અને ચોરીના ભેદ ઉકેલવા માટે જીલ્લા એસપી વિરેન્દ્રસિંગ યાદવની સુચનને પગલે એસઓજી પીઆઈ ડી.ડી. સોઢાએ સ્ટાફના કર્મચારીઓને માર્ગદર્શન અને સુચના આપતા એસઓજી પીએસઆઈ ડી.ડી.પરમાર, એએસઆઈ જયંતિભાઈ, હે.કો. રાજેશકુમાર, ધીરેન્દ્રસિંહ, રવિન્દ્રકુમાર, પ્રદિપસિંહ,મુકેશસિંહ ગતરાત્રીના રોજ પેથાપુર ચારરસ્તા પાસે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન રાત્રીના એક વાગ્યાની આસપાસ પેથાપુર ચારરસ્તા આવતા સુરેશભાઈ ઉર્ફે વિષ્ણુજી કાંતીજી ઠાકોર, રહે.૨૨ મફતનગર, મહાપ્રભુજીની બેઠકના પંપ સામે નરોડા અમદાવાદ શકમંદ લાગતા પુછપરછ કરીને અંગ ઝડતી કરતા તેની પાસેથી પોલીસને વિવિધ કંપનીના પાંચ ફોન મળી આવ્યા હતા. જેમાંથી સેમસંગ કંપનીનો જે-૭ પ્રાઈમ મોડલનો ફોન છમાસ અગાઉ રૂપાલની પલ્લીમાંથી તેને તેના મિત્ર મુકેશ રમેશજી ઠાકોર, રહે, અમદાવાદનાએ ભેગા મળીને ચોરી કરી હતી. જયારે બીજા ચાર મોબાઈલ પણ મુકેશ ઠાકોરને અન્ય સ્થળેથી ચોરી કરીને આપ્યા હોવાનું જણાવ્યું હતું. જયારે તેની પાસે રહેલ જી.જે.૦૧.એલ.ડબલ્યું-૪૦૯૭ના દસ્તાવેજી પુરાવા માંગતાતે રજુ કરી ન શકતા તે પણ ચોરી કે છળકપટથી મેળવ્યું હોવાનું જણાવ્યું હતું.પોલીસે વિવિધ કંપનીના પાંચ મોબાઈલ કિં. રૂ. ૩૨,૦૦૦ તથા સ્પેલન્ડર બાઈક કિં. રૂ.૨૫,૦૦૦ ગણીને કુલ રૂ.૫૭,૭૦૦નો મુદામાલ કબ્જે કરીને મુદામાલ અને કાગળો સાથે આરોપીને પેથાપુર પોલીસને સોંપતા વધુ તપાસ પેથાપુર પોલીસ કરી રહી છે.

## સિવિલમાં દર્દીની બહેરાશ માપવા વડનગરથી ઓડીયો મેટ્રી મશીન મંગાવાયું

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈએનટી વિભાગમાં કાર્યરત ઓડીયો મેટ્રી મશીનમાં ટેકનીકલ ખામી સર્જાતા તાત્કાલીક વડનગરથી આ મશીન મંગાવવામાં આવ્યું છે. શહેરની હોસ્પિટલમાં નાના બાળકથી લઈ મોટીં ઉંમરના વ્યકિત કેટલું સાંભળી શકે છે તેનો ટેસ્ટ ઓડીયો મેટ્રી મશીનથી કરવામાં આવે છે. જયારે સિવિલનું ઓડીયો મેટ્રી મશીનનું રીપેરીગ થઈ જશે ત્યારે વડનગરથી લાવવામાં આવેલ મશીન પરત કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ૬૦૦ બેડની આધુનિક હોસ્પિટલ બનતા દર્દીઓની માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. સંકુલમાં આવેલ નવનિર્મિત ઓપીડીમાં વિવિધ વિભાગોની સાથે ઈએનટી ઓપીડીમાં દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય છે. ત્યારે ઓડીયો મેટ્રી મશીનમાં દર્દી નાના બાળકથી લઈને મોટી ઉંમરના વ્યકિત કેટલું સાંભળી શકે છે તેની માહિતી મળી રહે છે. જેને પગલે ડોકટરને દર્દીની સારવાર કરવામાં સરળતા રહે છે. ત્યારે હોસ્પિટલમાં ઈએનટી વિભાગમાં કાનમાં તકલીફ હોવાથી ઓછું સાંભળતા દર્દીઓ આવે છે.આ દર્દીઓમાં નાના બાળકથી લઈને મોટીં ઉંમરના દર્દીઓ પણ સવિશેષ જોવા મળે છે. તે ઉપરાંત સરકારી કે ખાનગી કંપનીમાં નોકરી મેળવેલા અધિકારી-કર્મચારીઓ પાસેથી મેડીકલ ફિટનેસ સર્ટીફિકેટ માંગવવામાં આવે છે. જેને પગલે નોકરી પામેલ કર્મચારીઓને વિવિધ ટેસ્ટની સાથે સાથે કેટલું સાંભળી શકો છો બહેરાશ ધરાવતા નથી તે ટેસ્ટ પણ કરવામાં આવે છે. હોસ્પિટલનું ઓડીયો મેટ્રી મશીનમાં અચાનક ટેકનીકલ ખામી સર્જાતા બંધ થઈ જતા દર્દીઓને સારવાર વિના પરત ફરવું પડતું હતું. જેમાં મેડીકલ ફિટનેસ માટે કર્મચારીઓને વધુ તકલીફનો સામનો કરવો પડયો હતો. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા તાત્કાલીક વડનગરથી ઓડીયો મેટ્રી મશીન મંગાવવામાં આવ્યું છે અને ગાંધીનગર હોસ્પિટલનું મશીન રીપેરીંગ માટે આપવામાં આવ્યું છે જે રીપેર થઈને આવશે ત્યારબાદ વડનગરનું મશીન પરત મોકલવામાં આવશે તેમ હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## સઈજ પુલ પાસેથી બાઈક ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એલસીબી ટીમના અ.હે.કો. સુરેશકુમાર, રણજીતસિંહ, તેમજ પો.કો. નરેશકુમાર કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન સઈજ ઓવર બ્રિજના છેડા પાસેથી પીન્ટુંગીરી ધનગીરી ગોસ્વામી રહે.વડસર, તા.કલોલ જી. ગાંધીનગર મુળ રહે. ગામ- બાલસાસણ તા.દેત્રોજ જી. અમદાવાદ શંકાસ્પદ લાગતા પકડી પાડ્યો હતો.ત્યારબાદ ઉંડાણપૂર્વક પુછપરછ કરતા શંકાસ્પદ હાજરી અંગે વિવિધ પ્રશ્નો કરતા તે ભાંગી પડ્યો હતો અને કહયું હતું કે આજથી દસ દિવસ અગાઉ સવારના સમયે કટોસણ રેલ્વે સ્ટેશન પાસેથી પેશન બાઈક નં જીજે૧૮એએન-૪૨૨૭ ચોરી કરીને ચાર દિવસ ફર્યો હતો.ત્યારબાદ તે બાઈક કલોલ રેલ્વે સ્ટેશન ખાતે મુકી દીધુ હતું. બાદમાં મુકી દીધેલા સ્થળે બાઈક જોવા ગયો હતો પરંતુ ના મળતા મુંઝવણ અનુભવી રહ્યો હતો અને ચાલતા ચાલતા સઈજ બ્રિજ પાસે આવ્યો હતો. અને એલસીબી પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે મોડેલ રોકેટરી વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧

વેકેશનમાં પણ વિદ્યાર્થીઓ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરીને રજાઓનો સદઉપયોગ કરે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય અને તેમનામાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિકસે તે હેતુથી જુદા જુદા વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.

વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ અંતર્ગત તા. ૧લી મેના રોજ વિદ્યાર્થીઓના અતિપ્રિય એવા મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી કો. અનીલભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને રોકેટના વિવિધ ભાગો વિશે, રોકેટની કાર્ય રચના વિશે તેમજ રોકેટ વિજ્ઞાનના કયા સિધ્ધાંત પર કામ કરે છે તેની ઉંડી સમજ આપી હતી. ઉપરાતં વિદ્યાર્થીઓને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન વિશે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ઈસરો દ્વારા અવકાશમાં તરતા મુકાયેલા વિવિધ ઉપગ્રહો તેમજ પીએસએલવી, જીએસએલવી રોકેટ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવતા શીખવાડવામાં આવ્યા હતા. ઉપરાંત રોકેટ અવકાશમાં કેટલી ઉંચાઈએ પહોંચે તેની ગણતરી પણ શીખવાડવામાં આવી હતી. રીમોટ કંટ્રોલ દ્વારા કઈ રીતે રોકેટનું લોન્ચીંગ કરી શકાય તેની પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ પોતાની જાતે રોકેટ બનાવ્યા હતા. પોતે બનાવેલા રોકેટનું લોન્ચીંગ પણ કર્યું હતું. વિદ્યાર્થીઓને રોકેટની કીટ પણ બનાવતા શીખવાડવામાં આવી હતી. આ વર્કશોપમાં ૬૫ જેટલા વિદ્યાર્થી હાજર રહ્યા હતા. આ વર્કશોપને સફળ બનાવવામાં હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.



### આઈ લવ માય ગાંધીનગર



**સાબિર મલેક**
એક્ટર

**ગાંધીનગર ગમે**
ગાંધીનગર નામમાં જ સુંદરતા છે. રાષ્ટ્રપિતા ગાંધીજીના નામથી રચાયેલા આ નગરની સુંદરતા કંઈક અનોખી જ છે. અહીંની સ્વચ્છતા, સભ્યતા અને સગવડોને કારણે આ શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નગરમાં થતી કલા પ્રવૃત્તિઓ ગમે છે. દર શનિવારે સ્વર્ણિમ પાર્કમાં પ્લગ ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ દ્વારા આયોજિત સૅટરડે નાઈટ્સથી ખૂબ પ્રભાવિત છું. આખા અઠવાડિયાનો થાક આ કાર્યક્રમ જોઈને ઉતરી જાય છે.

**નગરને બહેતર બનાવવા**
'સૌનો સાથ, સૌનો વિકાસ'ની ભાવના હજુ ગાંધીનગરમાં પૂર્ણપણે અભિવ્યક્ત થતી જોવા મળતી નથી. એ થાય એ માટે પ્રયત્નો કરવા જોઈએ એમ લાગે છે.

**નગર માટે હું કરી શકું**
ગાંધીનગર એ માત્ર રાજ્યનું જ નહીં, પરંતુ દેશનું સર્વશ્રેષ્ઠ નગર બને એ માટે સર્વ પ્રકારનું યોગદાન આપવા હું તૈયાર છું.

### @ગાંધીનગર

● કુડાસણ ખાતે આયોજિત શ્રીમદ્ દેવી ભાવગત જ્ઞાનયજ્ઞમાં રાત્રે ૧૦ કલાકે માં ઉમિયા પ્રાગટય ઉજવવામાં આવશે.

### વાતવાતમાં

● નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ સાથે ૫ મી મેના રોજ પંચાયત મંત્રીશ્રીએ સમીક્ષા બઠક રાખી છે.

● સિનીયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા માઉથ ઓર્ગનથી માસિક મીટીંગમાં ફિલ્મી ગીતોની મઝા માણવામાં આવી હતી.

● ખેડૂતોના વણ ઉકલ્યા પ્રશ્નો અંગે આજે કોંગીના નેતાઓ રાજયના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીને મળી આવેદનપત્ર આપશે.

● ગાંધીનગરમાં આજકાલ ભરતીનો માહોલ ચાલતો હોવાથી નવનિયુકત કર્મચારીઓ તેમના નવા સાથીઓને પેંડા ખવડાવી મ્હોં મીઠું કરાવે છે એટલે બજારમાં પેંડાની ઘરાકી સારી જોવા મળી રહી છે.

## ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વિમિંગ સિલેકશન ટ્રાયલ-૨૦૧૭નું આયોજન

ગાંધીનગર, તા.૧

આગામી ૩૪મી સબ જુનિયર અને ૪૪મી જુનિયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૭ તા. ૨૭ અને ૨૮મી મે ૨૦૧૭ના રોજ એકલવ્ય સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, થલતેજ, અમદાવાદ મુકામે યોજાનાર છે. તો આ માટે ગાંધીનગર ડીસ્ટ્રીકટની સિલેકશન ટ્રાયલ ૧૪-૫-૨૦૧૭, રવિવારના રોજ સવારે ૯-૦૦ વાગ્યાથી ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કુલ, અડાલજ, ગાંધીનગર ખાતે આયોજીત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તો આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૧૦-૫-૨૦૧૭ પહેલાં ફોર્મ ભરી રાકેશભાઈ ભટ્ટ અથવા દિક્ષિત સકસેનાને જમા કરાવવાના રહેશે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં તેવી તાકીદ કરાઈ છે.

આ ઉપરાંત સ્પર્ધા અંગેની અન્ય માહિતી માટે સેક્રેટરી ગુરુબક્ષસીંગ આનંદનો મો.નં. ૯૭૨૪૧ ૭૮૩૫૬ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## પેરોલ રજા પર ગયા બાદ બે મહિનાથી ફરાર કેદીને એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧

કલોલની મુળહંસ સોસાયટીમાં રહેતા મહેન્દ્ર સોમાભાઈ શાહને અમદાવાદ ફેમીલી કોર્ટ દ્વારા સજા કરવામાં આવી છે. સાબરમતિ જેલમાં સજા ભોગવતો મહેન્દ્ર શાહ બે માસ પૂર્વે પેરોલ રજા પર ગયા બાદ ફરી હાજર ન થતા પેરોલ જમ્પ જાહેર કરાયો હતો અને અમદાવાદ રાણીપ પોલીસ સ્ટેશનમાં તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. દરમિયાન ગાંધીનગર એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલ પોતાની ટીમ સાથે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે અ.હે.કો. દિલિપ સિંહને આરોપી મહેન્દ્ર શાહ કલોલમાં જ હોવાની બાતમી મળતા વોચ ગોઠવીને ઝડપી પાડ્યો હતો.

### ચિરવિદાય

● સ્વ. તેજુસિંહ દુનુસિંહ ચૌહાણ, ઉ.વ. ૮૦